# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

પોતીકા તેજ માટેના નુસખામાં રસ પડ્યો.
એ કારણે મને હવે મારામાં રસ પડ્યો.
એવું નથી કે ખાલી ઉજવણાંમાં રસ પડ્યો,
સંજોગને સમયના ઉઝરડામાં રસ પડ્યો.
કહેવું'તું એ બધું ય તો કહેવાઈ ગ્યું પછી,
મારા, તમારા મૌનના પડઘામાં રસ પડ્યો.
વહેવારમાં જરૂરી છે, એવું સુણી-સુણી,
ચર્ચામાં રસ પડ્યો ને ખુલાસામાં રસ પડ્યો.
જે થાય છે ને જે થશે એના વિચારમાં,
ઘટના પછી ઘટી છે એ ઘટનામાં રસ પડ્યો.
હળવા થવાની વાતને હળવી જ રાખવા,
ટાણાં ઉપર પડે છે એ પડદામાં રસ પડ્યો.

લક્ષ્મી ડોબરિયા

## પાથેય

- રમેશ ઠક્કર

# ઘટના પછીની ઘટના...

પોતાનું સુખ શોધી લેતાં આવડે એ પછી જીવનનો આનંદ શોધતાં આપોઆપ આવડી જાય છે.બહારના ઝગારા ભ્રામક હોય છે.તેજને તાગવા ભીતર તાકવું પડે છે.માણસ જન્મથી મરણ સુધી આમતેમ ફાંફાં મારતો રહે છે.કસ્તુરી મૃગની માફક સુખ શોધવા એ બહારના રસ્તા ઉપર દોટ લગાવતો રહે છે.એને જો ખબર પડી જાય કે જગતની સૌથી મૂલ્યવાન ચીજ તો એની ભીતર જ પડી છે તો ? પરંતુ આ જ્ઞાન એટલું સહજ નથી મળતું એ માટેના નુસખાઓ જાણવા પડે છે..સંજોગોને ઉઝરડાઓ સામે ઝૂઝવું પડે છે..જાગવું પડે છે.

જાગીને જોઇએ તો જગત એ જગત ભાસતું નથી.જાગવાની આ બાબત જરીક અલગ છે..આપણે દુનિયામાં બધું શોધતા રહીએ છીએ..બહારની સફરનાં આયોજન કરતા રહીએ છીએ..ખરી મુસાફરી મનમાં ચાલતી રહે છે..ભીતરનો રાહ જયારે ખુલી જાય છે ત્યારે બધું આપોઆપ સામે દેખાતું હોય છે.જો આ રસ્તે આગળ વધીએ તો બધું પોતાનું લાગે છે.

જગતનો ખાલીપો આપણને સતાવે છે..એકાકીપણાનો અભિશાપ સહુને લાગેલો છે..જગતમાં જે કંઈ લય છે એ આપણા પોતાના કોલાહલમાં સમાઇ જાય છે..આપણી ભીતર એક જંતર પડેલું હોય છે..એને વગાડવાનો કસબ શીખવા જેવો છે.એ ઝીણું ઉપકરણ છે..એના તાર નાજુક છે. પરંતુ એ ઝણઝણી ત્યારે આખું અંતર ઝણઝણી ઉઠે છે.અંદરના ખાલીપાને ભરવો એટલો આસાન નથી..આવી કોઇ સુરાવલીઓ જ એને સહય બનાવી શકે.

અડચણોને અતિક્રમવાનું સરળ નથી..આપણે જયારે આંસુઓના સહારે જીવીએ છીએ ત્યારે આપોઆપ આપણી અંદરનો લડાયક માણસ ભીરૂ થઈ જાય છે.કવિ સરસ રીતે અભિવ્યક્ત કરે છે. અડચણને જયારે આંસુ આવે ત્યારે પાંપણો છોલાઈ જાય છે. એ ભીની હોય ત્યાં સુધી તો વાંધો નથી આવતો એ જયારે ઘવાઇ જાય ત્યારે મુસીબત થતી હોય છે..મક્કમતાથી જીવવા માટેની એ શરત છે કે આપણાં નયનમાં એક ઉજાસ પ્રગટવો જોઇએ..

જાગતાં જોવું અને સપનાઓમાં જોવું એવા બે પ્રકારના અનુભવો આપણને થતા રહે છે..સપનામાં આપણી આઝાદી હોતી નથી..મનમાં ધરબાયેલાં અરમાનોનો કાટમાળ એટલે સપનાં..વાસ્તવિક જીવનમાં સરેરાશ યુવાન પણ ના પામી શકનાર કોઇ કોડભરી કન્યા સપનાના રાજકુમાર સાથે સહેલગાહ કરે કે એકાદી આશાભરી નજર માટે તડપતો કોઇ યુવક સ્વપ્ન સુંદરીના ખ્યાલમાં મસ્ત બની મ્હાલતો હોય એ પછી જાગીને જુએ ત્યારે અટપટા ખેલ નજર સામે દેખાતા હોય છે..જે કલ્પનામાં મળતું નથી એ ખુલ્લી આંખે પામવાનો ઉપક્રમ એટલે જ જીવન !

# ગુજરાતને સૌથી વધુ જરૂર છે વૈજ્ઞાનિક અભિગમની, ધર્માભાસ ઘણો જોખમી પુરવાર થશે




"ગુજરાતનાં ગામો-નગરો-શહેરોમાં ફરવાનું અને લોકોને મળવાનું બને છે. "મીડિયા અને સોશિઅલ મીડિયા વાટે પણ ગુજરાતના"લોકોના મનોભાવ જાણી શકાય છે. "મને કોઈ પૂછે કે ગુજરાતમાં- ગુજરાતી લોકોમાં સૌથી વધુ શું ખૂટે છે ?"હું કાચી સેકન્ડમાં જવાબ આપું કે વૈજ્ઞાનિક અભિગમની. ""વૈજ્ઞાનિક અભિગમ વિશે મારો અભિપ્રાય આપું.

"૧. ધર્મ અત્યંત જરૂરી છે. હું પોતે ધાર્મિક છું. ધર્મનો વિરોધ કરવાનો તો કોઈ સવાલ જ નથી. વધતા પ્રચુર ભૌતિકતાવાદ અને યંત્રો-ઉપકરણોનાપ્રચંડ આક્રમણને ખાળવા પણ ધર્મ-સંસ્કૃતિની ઢાલ જરૂરી છે, પણ એ સાચો ધર્મ હોવો જોઈએ. સંકુચિત સંપ્રદાયો અને ફિરકાઓએ ગુજરાતી પ્રજાની વિશાળતા અને ઉદારતા તથા પરંપરાગત સહિષ્ણતાને મોટું નુકશાન કર્યું છે અને તેમાં ઉત્તરોત્તર વધારો થતો હોય તેવું લાગે છે.

"૨. વિજ્ઞાનનો પ્રસાર થવાથી લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ પણ પ્રસરે એ જરૂરી નથી. જો વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમ એક જ દિશામાં આગળ વધતાં હોય તો ખૂબ જ સારું. કોઈ પણ રાષ્ટ્ર અને સમાજ માટે તે ઉત્તમ સ્થિતિ ગણાય. જોકે એવું હોતું નથી. ગુજરાતમાં આજે પણ અંધશ્રદ્ધાનો પાર નથી. તાંત્રિકો અને કહેવાતા ધર્મના કેટલાક વડાઓ (એમાં તમામ ધર્મ આવી જાય છે.) લોકોના માનસને નબળું, ઢીલું, પોચટ અને ખોખલું બનાવી રહ્યા છે. એક બહેનને હૃદયની તકલીફ થઈ તો હોસ્પિટલ લઈ જતાં પહેલાં મંદિરે લઈ ગયા. એને કારણે હોસ્પિટલ જતાં મોડું થયું અને એ બહેન મૃત્યું પામ્યાં. આવા બનાવો વારંવાર બન્યા જ કરે છે.

"૩. વિનોબા કહેતા કે અધ્યાત્મ અને વિજ્ઞાન મળીને સર્વોદય બને. આપણે અધ્યાત્મને, સાચા અધ્યાત્મને સમજવાની આવશ્યકતા છે. શબ્દો ચોર્યા વિના કહેવું હોય તો કહેવું પડે કે ગુજરાત ધર્મની ઉપર જવાને બદલે ધર્મની સપાટી પરથી નીચે તરફ જઈ રહ્યું છે. ધર્મો-સંપર્દાયોમાં પૈસાનું ચલણ અને વલણ વધી રહ્યું છે. ધર્મ સ્થાપિત હિતોને મહત્તમ મદદ કરે છે. ધર્મ પોતે જ સ્થાપિત હિત બનતો દેખાય છે. કેટલાક સાધન-સંપન્ન કે ભણેલા વર્ગના દાયરામાં ધર્મ-સંપ્રદાયની હિલચાલ વર્તાય છે. ધર્મ-સંપર્દાયો વાડામાં કેદ થઈ ગયા હોવાથી છેવાડાનો જણ તો છેટોને છેટો જ રહ્યો છે.

"૪. વૈજ્ઞાનિક અભિગમ એટલે જીવન માટેની સ્વસ્થ અને પ્રગતિશીલ સમજણ. વૈજ્ઞાનિક અભિગમ એટલે સારા-નરસાનો ભેદ પારખીને જીવન માટે યોગ્ય નિર્ણયો કરવાની આવડત. વૈજ્ઞાનિક અભિગમ એટલે ધર્મને-ભક્તિને- પરમ ચેતના માટેની ભાવનાને યોગ્ય રીતે વ્યક્ત કરવાની તત્પરતા. વૈજ્ઞાનિક અભિગમનો અભાવ માણસને સાચું જીવન જીવતાં રોકે છે. ગુજરાત પાસે ઠીક ઠીક પૈસા છે. મોબાઈલ ફોન, લેપટોપ, કોમ્પ્યુટર, કાર સહિતનાં સાધનો-ઉપકરણોનો આસામી ગુજરાતી વૈજ્ઞાનિક અભિગમને સમજી શકતો નથી. વારંવાર ધાર્મિક સ્થળે દોડી જતા સરેરાશ ગુજરાતીને સાયન્સની સંસ્થાઓ દેખાતી નથી અથવા ઓછી દેખાય છે.

"૫. જયારે પ્રજામાં વૈજ્ઞાનિક અભિગમ નથી હોતો કે ઓછો હોય છે ત્યારે ધર્માંધતા કે ધર્માભાસનાં તત્વો ધર્મના બહાને અને સરનામે લોકોને છેતરવાનું વધારી દે છે. આ જોખમી સ્થિતિ હોય છે. લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાયેલો હોય તો સાચો ધર્મ અને સાચું અધ્યાત્મ સહજ રીતે સમાજમાં પ્રસ્થાપિત થાય છે.

"૬. ગુજરાતના લોકોએ વૈજ્ઞાનિક અભિગમ કેળવવાની ભારે જરૂરિયાત છે. વિજ્ઞાન અને ટેકનોલોજીથી બનેલાં ઉપકરણો વાપરવાથી વૈજ્ઞાનિક અભિગમ આવતો નથી. ફોન સ્માર્ટ હોય અને તેનો વાપરનારો ડફોળ હોય તેવું પણ બને. જો તમારામાં જાગૃતિ ના હોય તો તમારા હાથમાં રહેલો મોબાઈલ ફોન તમને પ્રગતિશીલ બનાવવાને બદલે વધુને વધુ અંધશ્રદ્ધાળુ બનાવે તેવું પણ બને. દુનિયાની કોઈ ટેકનોલોજી ક્યારેય ખરાબ નથી હોતી, તેનો ઉપયોગ કરનારાની સજજતા અને પ્રયોજન પર જ સૌથી મોટો આધાર હોય છે.

"૭. જે પ્રજાએ વિક્રમ સારાભાઈને જન્મ આપ્યો હોય, જે પ્રજાએ એકથી એક ચડિયાતા વિજ્ઞાનીઓ દેશ-વિશ્વને ભેટ ધર્યા હોય એ પ્રજા વિજ્ઞાન તરફથી પોતાનું મોઢું ફેરવી લે એ બરાબર વલણ નથી. શાણપણ અને સાહસ માટે જાણીતી, સતત પ્રગતિ કરવા ટેવાયેલી, વિશ્વના ૧૫૦થી વધુ દેશોમાં વસતી ગુજરાતી પ્રજા, ઘર આંગણે, સાવ આમ વૈજ્ઞાનિક અભિગમથી અંતર રાખે એ યોગ્ય નથી, નથીને નથી જ.

"૮. ગુજરાતી પ્રજા પાસે બધુ હોય... પૈસો હોય, સંપત્તિ હોય, સાધનો હોય, પ્રતિષ્ઠા હોય પણ જો તેની કને વૈજ્ઞાનિક અભિગમ નથી તો આ બધાના હોવા પર પાણી ફરી વળે.

"૯. ગુજરાતમાં મંદિરો-ધાર્મિક સ્થળોનો પાર નથી. એ બધાં છે એનો આનંદ છે. એની જરૂરિયાત છે. પણ તેની સાથે સાથે વૈજ્ઞાનિક અભિગમની સમજ આપતી સાયન્સ અને ટેકનોલોજીની સંસ્થાઓ પણ હોવી જ જોઈએ. ગુજરાતના ૨૨૫ તાલુકાઓમાં નમૂનેદાર વિજ્ઞાન-સંસ્થાઓ હોય તે અનિવાર્ય છે. આપણાં બાળકોમાં અહીં વૈજ્ઞાનિક અભિગમનું વાવેતર થવું જોઈએ.

"૧૦. અમદાવાદમાં જેમ પ્રજાકીય ધોરણે ચાલતી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ જેવી અદભુત સંસ્થા છે તેવી જ રીતે પ્રજાકીય ધોરણે સ્થપાયેલી સાયન્સ અને ટેકનોલોજીની સ્વાયત્ત સંસ્થા હોવી જ જોઈએ. વળી આ સંસ્થાની દરેક જિલ્લામાં શાખાઓ હોવી જોઈએ.""અને એક ખાસ વાત... આ""આવતી કાલનું ગુજરાત જો ધર્મથી ઓજસ્વી બનાવવું હશે તો વૈજ્ઞાનિક અભિગમ વિના આરો-આવારો નથી એ વાત ભૂલવા જેવી નથી.

મો. ૯૮૨૪૦૩૪૪૭૫

# મા તે મા...




હાડ-હાડમાં હે ભર્યું જેને
વેણ વેણ વરદાન,
દેખ-ઘરેઘર એ જ બિરાજે
ભૂતળમાં ભગવાન

- મકરન્દ દવે

મે મહિનાના બીજા રવિવારને 'મધર્સ ડે' તરીકે ઊજવવામાં આવે છે. પણ 'મા' જેવા વિરાટ શબ્દ સામે આ એક દિવસની ઊજવણી કેટલી વામણી લાગે છે ! આપણું આખુંયે અસ્તિત્વ જેને આભારી છે તે વ્યક્તિ એટલે 'મા' ! બોલ્યા વિના આંખોના ભાવ પરથી જ આપણા ગમા-અણગમા જાણી-સમજી શકે તે મા! 'મા' માટે કેટલાય લેખકો અને કવિઓએ પોતપોતાની આગવી શૈલીમાં ઘણું લખ્યું છે. અને છતાં એ તમામે તમામ લખાણના અંતરની ઊંડી લાગણી એક સમાન હોય તેવું લાગે છે. કારણ કે મૂળમાં દરેકની પોતાની 'મા' તરફની ભાવના એટલી જ તીવ્ર અને હૃદયસ્પર્શી હોય છે. ઉંમરમાં કોઈ પણ તબક્કે 'મા' પ્રત્યેની ભાવનામાં કોઈ ફેરફાર આવતો નથી. જો કે, ઘણીવાર સમયના અભાવે કે વ્યસ્ત જીવનશૈલીમાં બાળકો પોતાના કામમાં વ્યસ્ત હોવાને કારણે તેમની 'મા' પ્રત્યેની અભિવ્યક્તિમાં ઘટાડો થયો હોય એમ બને પણ લાગણીમાં કોઈ ફેરફાર ચોક્કસપણે આવે નહિ જ ! તેમાંય જયારે તકલીફ કે વિપત્તિ આવી પડે ત્યારે 'મા' નું નામ સહજરુપે જ હોઠ પર આવી જાય છે. કવિશ્રી પિંગળશી મે. ગઢવી લખે છે તેમ,

"અણધાર્યા આવી પડે ઘટમાં દુ:ખના ઘા -
નાભિથી વેણ નીકળે, મોટે આવે 'મા'''
'મા' માટે એટલે તો કહેવાય છે કે મા તે મા,
બીજા બધા વગડાના વા !
કવિ 'લલિત' લખે છે કે,
"અહો ! મા તે મા ! બીજા વનના વા !...
અહા! એ તો મા, સૂણી ધાતાં ધા;
શૂરાંપૂરાં બા ઝીલે આડા ઘા,
મીઠી નજરે મા ઠારે દિલના ઘા.'

માતા અને બાળકનો જન્મ ગર્ભધારણથી લઈને અંતિમ શ્વાસ સુધીનો હોય છે. એક નાનકડા શિશુને ખૂબ માવજતથી અને કાળજીપૂર્વક ઉછેરીને 'મા' તેને એક યોગ્ય અને કાબેલ વ્યક્તિ બનાવે છે. ત્યાં સુધીના સમયમાં ઘણીવાર તે પોતાના ખુદના અસ્તિત્વને તેમ જ ઘરના અન્ય સભ્યોને પણ ભૂલીને બાળકના ઉછેરમાં પોતાનું સમગ્ર અસ્તિત્વ ન્યોચ્છાવર કરી દે છે. તે દિવસ-રાત પોતાના બાળકમાં ખોવાયેલી રહે છે. તેના માટે બાળક એ જ તેનું વિશ્વ ! કવિશ્રી 'ઉશનસ્' લખે છે તેમ,

"પ્રથમ શિશુ સૌ કડાનો, માતા બધી જ યશોમતી,
મૃદમિલન મ્હોમાં બ્રહ્માંડો અનંત વિલોકતી.'

ખરેખર, આ કેટલો અદ્ભૂત સંબંધ છે; જેમાં આજીવન એક નિ:સ્વાર્થ પ્રેમની સરવાણી અવિરતપણે શાંત રીતે વહ્યા જ કરે છે ! એક બાળકના જન્મ સાથે જ તેની દરેક નાનામાં નાની બાબતનું ધ્યાન રાખતી 'મા' તેના ઉત્તમ વ્યક્તિત્વ ઘડતર માટે અથાગ પ્રયત્ન કર્યા કરે છે. ટીવીમાં આવતી એક જાહેરખબરમાં ખૂબ સુંદર વાક્ય આપણે સાંભળ્યું જ છે. "સિર્ફ એક માં હી અચ્છી આદતોં કી અહેમિયત સમજતી હૈ !" કેટલી અદ્ભૂત રીતે તેમાં 'મા'ના 'સ્ટ્રોંગ ડેડીકેશન'ને દર્શાવાયું છે, કવિશ્રી જયંત પાઠક પોતાની માના હાથે ઘડેલા રોટલાને તાવતી તાવડીને પોતાની કવિતા કહે છે કે કારણ કે,

કવિતા :

"માના ઘડ્યા રોટલા
શિશુના શરીરની સુવાસ,
દૂધિયા દાંતનું હાસ;
મોડી રાત સુધી ચાલતી દાદાની વાત;
શમણામાં પરીની મુલાકાત,
સાત સાત સમુંદર ઓળંગીને આવતી
તાવડી મારી કવિતા ;
માના હાથે ઘડ્યા રોટલાને તાવતી
તાવડી મારી કવિતા.''

તે જ રીતે કવિશ્રી સુરેશ રાઠોડ પોતાની પ્રેરણામૂર્તિ માતા પ્રત્યે પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરતાં લખે છે કે,

"કૃપાથી, તારી મા! દિવસ ઊગતો કાવ્ય થઇને;
તમારી ઇચ્છા એ ઉરની ધ્રુવપંક્તિ બની રહો!''

જો કે, સમય સાથે પરિવર્તન એ કુદરતનો ક્રમ છે. આ અનુસાર વધતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા તેમજ પોતાના અસ્તિત્વની ખોજમાં મોર્ડન 'મા' ઘરની ચાર દિવાલોની બહાર આવી છે. બાળક પાસે તે સતત હાજર ન રહી શકતી હોવાનો ડંખ તેને સતત થયા કરે છે પરંતુ, બાળપણથી પોતે જ મહત્ત્વાકાંક્ષાઓ સેવી છે તેને પ્રાપ્ત કરવા માટેના પ્રયત્નો કરતા રહેવું પણ તેને માટે અત્યંત આવશ્યક હોય છે ! બાળક પ્રત્યેના પ્રેમમાં સ્હેજ પણ ઉણપ આવી નથી પરંતુ, સમયના અભાવે હવે પોતે જાતે બાળક પાછળ પોતાનું આખું અસ્તિત્વ ન્યોચ્છાવર કરવું તેને માટે શક્ય બની શકતું નથી. કવિશ્રી વિપિન પરીખ આવી મોર્ડન મમ્મીઓની વ્યથા પર કટાક્ષ કરતી કવિતા લખે છે :

"મમ્મી રોજ સવારે ઓફિસે જાય છે,
મમ્મી રોજ સવારે ઉતાવળમાં હોયછે.
મમ્મી જતી વખતે મને ખૂબ વ્હાલ કરે છે,
બકી ભરી મને કહે છે :
મારો ડાહ્યો દીકરો છે ને ! તોફાન નહીં કરતો,
યમુનાબાઇને પજવતો નહીં,
અને મને એક ચોકલેટ આપે છે.
બાઇ મને વાર્તા કહે છે -
વાંદરાની, હનુમાનની,
રાક્ષસની, રામની, રાવણની, સીતાની...
સાંજે મમ્મી ખૂબ થાકીને ઘરે આવે છે,
મને પાછું વ્હાલ કરે છે.
કહે છે : 'કેટલો મીઠો છે મારો દીકરો !'
અને વળી પર્સમાંથી એક ચોકલેટ આપે છે.
હું એને પુછું છું :
"રાવણ સીતાને શા માટે ઉપાડી જાય છે, મમ્મી ?'
મમ્મી કહે :
"હું ખૂબ થાકી ગઇ છું આજે.
રવિવારે તને રાવણની વાત કહીશ.''

આ કવિતા આધુનિક મા અને આધુનિક બાળક બંનેની પરિસ્થિતિને દર્શાવે છે. પુરુષ સમોવડી બનવાની હોડમાં સ્ત્રી પોતાની મર્યાદાઓ ભૂલીને ક્ષમતાથી પણ વધુ દોડવા લાગી છે! પરિણામે, તેની અસર આપણા સમાજજીવન પર થઈ રહી છે. જરૂરિયાતો ઘટાવડાને બદલે વધતી જરૂરિયાતોને પહોંચી વળવા કુટુંબજીવનનો ભોગ આપવા તૈયાર રહેતી તમામ સ્ત્રીઓ આગળ જતાં પોતાની જાતને સાવ એકલી અને અસુરક્ષિત મહેસૂસ કરે છે ! જયાં જરૂરિયાત છે અને અન્ય કોઈ વિકલ્પ જ નથી તેવી સ્ત્રીઓ માટે આ બાબત એક અનિવાર્યતા છે પરંતુ ; જયાં સ્ત્રીઓને સ્વતંત્રનિર્ણયો લેવાની છૂટ છે તેવા સંજોગોમાં પોતાના કાર્યક્ષેત્રની સમયમર્યાદા તેણે પોતે જ સમજી-વિચારીને નક્કી કરવી રહી! ભણેલી-ગણેલી અને સ્માર્ટ, ઈન્ટેલિજન્ટ માતાઓ પોતાના બાળકોનાં પણ સર્વાંગી વિકાસ ખૂબ કુશળ રીતે કરી રહી હોવાનું આપણે સૌએ જોયું છે! પોતાની કાર્યક્ષમતા, બુદ્ધિક્ષમતા અને કુશળતાનો વિવેકપૂર્વક ઉપયોગ દ્વારા તેને યોગ્ય રીતે વાપરીને પોતાના અસ્તિત્વને વિકસાવવાની સાથોસાથ બાળકને અને કુટુંબને પણ અન્યાય ન જ થાય તેની પૂરી તકેદારી રાખે છે. સ્ત્રીમાં અગાધ શક્તિનો ઘૂઘવતો સમુદ્ર છે. તેને પરખીને તે પોતાના જીવનને મન ભરીને માણે તો તેના બાળકનો સર્વશ્રેષ્ઠ ઉછેર કરવાની સાથોસાથ પોતે પણ સફળતાના ઉચ્ચ શિખરો અવશ્ય સર કરી શકે ! અને માતાનું પોતાના બાળક સાથેનું બંધન એ કુદરતી રીતે જ એટલું મજબૂત છે કે સમય અને સંજોગો સાથે કદાચ તેમાં પરિવર્તન આવે તે શક્ય છે પરંતુ, વાત્સલ્યનો પ્રવાહ કયારેય ઓછો થઈ શકે જ નહિ ! માટે જ કવિશ્રી 'ઉશનસ્' લખે છે કે;

"જનેતા, જયારે યે જનમીશ જુદાં રુપ ધરી તું,
મને પૂરી શ્રદ્ધા : લઇશ અમથી ઓળખી તને...
બને કે તું કો'દી જનમીશ તરુ થૈ ભવરણે,
તને હું છાયાથી લઇશ પરખી શીતલપણે...
અમસ્તો ઘેરાઇ સજલઘન કો ગ્રીષ્મઋતુમાં
ધરી રહેશે છાયા શિર મુજ; થશે : એ તું, તું જ મા !''

- nehalgadhavi101@gmail.com

# છૂટાછેડા મેળવવા હવે ૬ મહિનાની રાહ જોવી નહિ પડે




ભારતમાં છૂટાછેડા મેળવવા માટે હિન્દુ મેરેજ એકટની કલમ-૧૩(એ) મુજબ કોઈપણ એક પક્ષકાર કોર્ટમાં અરજી ગુજારી છૂટાછેડા મેળવી શકાતા તેમજ હિન્દુ મેરેજ એકટની કલમ - ૧૩(બી) મુજબ બંન્ને પક્ષકારો સમજૂતીથી લગ્નજીવનનો અંત આણી છૂટાછેડા મેળવવા નામ. કોર્ટમાં અગર તો ફેમીલી કોર્ટમાં અરજી ગુજારતા તેવા સંજોગોમાં કોર્ટ અરજી કર્યાથી ૬ માસ સુધી વેઈટીંગ પિરિયડમાં અરજી મુકતી જેથી બંન્ને પક્ષકારોનું મન બદલાય તો છૂટાછેડાની અરજી પરત ખેંચી શકાય, પરંતુ જ્યાં સમાધાનની કોઈ જ શકયતા ના હોય તેમ છતાં ૬ માસ આવા યુગલોને ફરજીયાત રાહ જોવી પડતી અને સમયનો વ્યય થતો તેમજ આગળ ભવિષ્યની યોજનાઓ ખોરંભે પડી જતી અગર તો વિદેશ જવા ઈચ્છુક યુવક કે યુવતીને ફરજીયાત રાહ જોવી પડતી અથવા તો બંનેને બીજું યોગ્ય પાત્ર મળી ગયું હોવા છતાં કાયદેસરનાં છૂટાછેડા તેમજ ડિક્રી ના મળવાની હોવા માત્રથી પુનઃ લગ્ન નોંધાવી શકતા ન હતા. આવી પરિસ્થિતી નામ. સુપ્રિમ કોર્ટના ધ્યાનમાં આવતા જણાવ્યું કે, સમાધાનની સાથે રેહવાની કોઈ જ શકયતા ના હોય, સંબંધમાં તિરાડ જ પડી ગઈ હોય તથા મન, મોતી અને કાચ ફરી સંધાય તોય તિરાડ દેખાય જ, તેવા સંજોગોમાં બંધારણની કલમ-૧૪૨ મુજબ ૬ મહિના અલગ રહેવાની જરૂર નથી.

કોર્ટ દ્વારા ગાઈડલાઈન નક્કી કરવામાં આવી છે, જે મુજબ લગ્નને સમાધાનની સંભાવના ના હોય તથા બાળકો હોય તો ભરણપોષણની રકમ પત્નિની એલીમનીની રકમમાં મતભેદ ના હોય, પરસ્પર સંમતિથી છૂટાછેડા કોર્ટ બહાર રૂા. ૫૦૦/- ના સ્ટેમ્પ ઉપર કરી જ દીધા હોય, માત્ર કોર્ટની ડિક્રી જ મેળવવાની બાકી હોય તેવા સંજોગોમાં બંધારણની કલમ-૧૪૨ મુજબ ૬ મહિના પતિ-પત્નિએ અલગ રહેવું ફરજીયાત નથી, આવા કેસો કલમ-૧૩(બી) મુજબ કન્વર્ડ કરી નામ. કોર્ટ વેઈટીંગ પિરીયડ રદ કરી છૂટાછેડા મંજુર કરી શકશે. નામ. કોર્ટ આ ચુકાદો ૨૦૨૨માં અનામત રહેલ અને જણાવેલ કેં, સામાજીક બદલાવ લાવવા થોડો સમય લાગે છે. કયારેક કાયદાનો અમલ આસાન નથી તેમજ સમાજને બદલવા માટે રાજી કરવાનું પણ મુશ્કેલ હોય છે.

ભારતમાં છૂટાછેડા લેવાનું ખૂબ જ મુશ્કેલ છે. તેમાંય યુવક હિન્દુ મેરેજ એકટની કલમ-૧૩(એ) મુજબની અરજી કરી એકતરફી છૂટાછેડા મેળવવા ખૂબ જ મુશ્કેલ છે. કોર્ટ રેર ઓફ ધી રેર કેસમાં અરજી મંજુર કરતી હોય છે, જયારે યુવતી ૧૩(એ) મુજબ પતિથી છૂટાછેડા મેળવવા માટે અરજી ગુજારે તો વ્યાજબી કારણોસર તથા એલીમનીની રકમ ઈસ્યુ ના હોય તો આવી અરજી મંજુર કરે છે, પરંતુ હિન્દુ મેરેજ એકટની કલમ-૧૩(બી) મુજબ પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા માટે ૬ માસનો વેઈટીંગ પિરીયડ ફરજીયાત બનાવેલ, જે ઘણી મુસ્કેલી સર્જનાર બનતો. જેને રદ કરી હવેથી લગ્નના એક વર્ષ બાદ પરસ્પર છૂટાછેડાની અરજી કલમ-૧૩(બી) મુજબ બંને પક્ષકારે ગુજારેલ હશે તો ૬ મહિનાની રાહ જોવી નહી પડે.

પતિ-પત્નિનાં લગ્નેત્તર સંબંધો કે વ્યભિચાર પતિની પત્નિ સાથેની કરતા ડોમેસ્ટીક વાયોલન્સ માનસિક, વિકૃતિ, યૌન શોષણ, યૌન રોગ, સંન્યાસ, પતિ બળાત્કાર કેસમાં દોષિત હોય અગર તો ખૂન કેસમાં સજા પામેલ હોય, પતિ લાપતા હોય અને ૭ વર્ષ પછી પતિ કે પત્નિની મૃત્યુની શંકાનાં કારણે તથા પતિ-પત્નીનાં અનૈતિકતાનાં કારણે કલમ-૧૪ મુજબ છૂટાછેડા લઈ શકાય છે. આ સિવાય પણ કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવા કારણોસર છૂટાછુડા મંજુર કરી શકે છે.

છૂટાછેડાની અરજીમાં સ્પષ્ટપણે જણાવ્યું હોય કે તેઓ એક વર્ષ કરતા વધારે સમયથી લગ્નજીવનનો અંત લાવેલ છે અને સાથે રહેતા નથી તથા ભવિષ્યમાં પણ સહજીવન શકય ના હોય તેમજ સમાધાન પણ શકય ના હોય તો કલમ-૧૩(બી) ની અરજી કોર્ટ મંજુર કરતા સમયે ૬ માસનાં લોકિંગ પિરીયડની જરૂરીયાત રહેશે નહી. પાંચ જસ્ટીસની બંધારણીય બેન્ચે આપેલ ચુકાદાથી નીચલી કોર્ટો તથા ફેમીલી કોર્ટમાં ચાલતા કેટલાય કેસોમાં પક્ષકારોનો ન્યાય મળતા લોકિંગ પિરીયડની ફરજીયાત સમય વેડફાવામાંથી બચી જશે અને પોતાના આગળનાં ભવિષ્યનું આયોજન બંને પક્ષકાર કરી શકશે. વિદેશ જઈ સ્થાયી થવાના કેસમાં લોકિંગ પિરીયડની મર્યાદા રદ થતાં હવે રાહત મળશે. પતિ-પત્નિના સમાધાન ના કિસ્સામાં એલિમની અને બાળકોની કસ્ટડીનાં મુદ્દાનાં કોઈ ઈસ્યુ નહિ રહે તો બંધારણીય કલમ-૧૪૨ મુજબ મળેલા વિશેષાધિકારથી કલમ-૧૩(બી) મુજબની છૂટાછેડાની અરજીમાં ૬ માસનાં લોકિંગ સમયની હવેથી જરૂર ના હોય આવી અરજી મંજુર થતાં પક્ષકારોને રાહત મળશે તથા સમયનો બચાવ થશે.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
www.trivediassociates.in